## જન્મદિને વધામણી



રામભાઈ બી પટેલ
મો. ૯૪૨૮૦ ૪૭૫૮૨



ઈન્દુમતિ નૌતમલાલ નિમાવત
સ્થાપક, મીરાં ભજન મંડળ
શહેર, રાજ્ય, રાષ્ટ્ર શ્રેષ્ઠ
શિક્ષક એવોર્ડી નિવૃત્ત શિક્ષક
મો. ૯૮૨૪૬ ૮૦૨૨૮



ધીરજ નરસિંહભાઈ પ્રજાપતિ
મો. ૯૯૨૫૨ ૧૨૧૯૪




વિક્રમસિંહ કિરીટસિંહ સોલંકી
મો. ૯૯૯૮૪ ૦૧૦૯૦

# ઉત્તરાયણનો ઉત્સાહ

તસવીરો : કુંતલ નિમાવત









## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
વજીર
૧૨.૪૫, ૩.૩૦
૬.૩૦, ૧૦.૧૫
છોટા ભીમ : હીમાલયન એડવેન્ચર
૮.૩૦
**સ્ક્રીન-૩**
પોઈન્ટ બ્રેક (૩ડી હિન્દી)
૫.૦૦
સ્ટાર વોર્સ : ધ ફોર્સ અવેકન્સ (૩ડી અંગ્રેજી)
૭.૧૫, ૯.૪૫
**સ્ક્રીન-૪**
છોટા ભીમ : હીમાલયન એડવેન્ચર
૩.૧૫, ૫.૧૫
દિલવાલે
૧૨.૧૫, ૭.૧૫
છેલ્લો દિવસ
૧૦.૦૦
**સ્ક્રીન-૫**
વજીર
૧૦.૦૦ (સવારે)
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫
દિલવાલે
૯.૪૫

# આર જી પટેલ સ્કૂલનો રજત જયંતિ મહોત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા. ૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩ ખાતે વાર્ષિક મહોત્સવ અને આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્થાને પચીસ વર્ષ પૂર્ણ થતાં હોઈ આ ઉજવણી હાથ ધરવામાં આવી હતી, જેમાં ધોરણ-૯થી ૧૧ની તમામ વિદ્યાર્થીનીઓ તથા સ્ટાફ પરિવાર ઉત્સાહપૂર્વક જોડાયો હતો. ઉજવણી અંતર્ગત તમામ વર્ગો તરફથી એક સમૂહનૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. સવારે ૧૧ કલાકે નાથીબા કૉમર્સ કૉલેજના હૉલમાં ધોરણ-૧૧ એની ગણેશ વંદનાથી સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે કૅમ્પસ ડિરેક્ટર સોમભાઈ પટેલ તથા ગર્લ્સ હૉસ્ટેલનાં સુપ્રિટેન્ડન્ટ કૌશલ્યાબેન પરીખ મહેમાનપદે ઉપસ્થિત રહ્યાં હતાં.

બપોરે ૩ કલાક સુધી કુલ ૧૮ સમૂહનૃત્યોનો આનંદ સૌએ માણ્યો હતો. ત્યારબાદ બપોરે ૩.૩૦ કલાકે આનંદ મેળાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શાળાના મેદાનમાં દરેક વર્ગના ખાણીપીણીના સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. જેમાં દરેક વર્ગની વિદ્યાર્થીનીઓ તથા વર્ગશિક્ષક દ્વારા જુદી-જુદી વાનગીઓ રજૂ કરવામાં આવી. ધોરણ-૯થી ૧૧ના તમામ સ્ટોલમાં વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓ પીરસવામાં આવી હતી.

ખાણીપીણીની સાથે સાંજે ૪.૩૦ પછી સર્વ વિદ્યાર્થીનીઓએ ડીજેના તાલે મન મૂકીને નાચવાનો આનંદ માણ્યો હતો. આ આયોજનને સફળ બનાવવા માટે મયંકભાઈ પટેલ, બાબુભાઈ ચૌહાણ, મહેન્દ્રભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, અલ્પેશભાઈ પરમાર, અલ્પેશભાઈ પટેલે જહેમત ઊઠાવી હતી, જેમને આચાર્યા સુધાબેન પટેલ, સુપરવાઈઝર દિલહરબા જાડેજા, ગીતેષભાઈ પટેલ, ગીતાબેન પટેલે સતત માર્ગદર્શન અને સહકાર પૂરો પાડ્યો હતો.



## સૅક્ટર-૬ ખાતે શનિવારે સફાઈ અભિયાન યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

કલાકારોની બનેલી ગાંધીનગર શહેરની સિનિયર સંસ્થા જી ઈ ક્લબ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા સંયુક્ત રીતે સૅક્ટર-૬ ખાતે શનિવારે સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ગાંધીનગર મહાનગરપાલિકા, નહેરૂ યુવા કેન્દ્ર ભુવનેશ્વર યુવક મંડળ, મીરાં ભજન મંડળનો સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.

આ અંગેની વિગતો આપતાં જી ઈ ક્લબના ડિરેક્ટર કશ્યપ નિમાવત અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટના પ્રમુખ જીલુભા ધાધલે જણાવ્યું છે કે સૅક્ટર-૬ ખાતે અપના બજાર આસપાસના વિસ્તારમાં શનિવાર, તા. ૧૭ જાન્યુઆરીના રોજ સવારે ૮થી ૧૧ દરમ્યાન આ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે, જે દરમ્યાન કચરો ઉપરાંત જમીન પર પડેલ પ્લાસ્ટિક ઉપાડવાની કામગીરી ખાસ હાથ ધરવામાં આવશે.

## ‘આપણું ફાઉન્ડેશન’ના યુવાઓ દ્વારા ઉત્તરાયણ પર્વની અનોખી ઉજવણી




ગાંધીનગર, તા. ૧૫

ઉત્તરાયણના પર્વમાં જ્યારે એક બાજુ લોકો પતંગ ચગાવી, પેચ લગાવી બૂમો પાડવાનો, મીઠાઈઓ ખાવાનો આનંદ લેતા હોય છે ત્યારે ‘આપણું ફાઉન્ડેશન’ના યુવાનો દ્વારા ઉત્તરાયણ પર્વની ઉજવણી કંઈક અનોખી રીતે કરવામાં આવી હતી.

ગરીબ પરિવારનાં બાળકો પણ ઉત્તરાયણનો આનંદ મેળવી શકે તે માટે આપણું ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર, સુરત, અમદાવાદ, ગાંધીધામ, મહેસાણા, અંજાર, આદીપુર, રાજકોટ, વડોદરા, જૂનાગઢ, મહુવા, દ્વારકા તથા રાધનપુર એમ રાજયનાં ૧૩ શહેરોમાં ૨૧,૧૦૮ પતંગો, તલની ચીકી, મમરાના લાડુ તથા પતંગની દોરીનું વિતરણ કરીને યુવાનોએ ઉત્તરાયણની ઉજવણી કરી હતી. એમના આ સ્તુત્ય પ્રયાસથી ગરીબ બાળકોએ પતંગ લૂંટવાની નહીં, પરંતુ પતંગ ઉડાડવાની મજા માણી હતી.

એક જ સંસ્થા દ્વારા રાજયનાં ૧૩ શહેરોમાં એકસાથે એક જ સેવાપ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હોય એવી પણ આ પહેલી જ ઘટના હતી, જેના કારણે એકસાથે ૧૩ શહેરોનાં ગરીબ બાળકોના ચહેરા પર આનંદ જોવા મળ્યો હતો. અલબત્ત, આપણું ફાઉન્ડેશનના યુવાઓના ચહેરા ઉપર પણ ‘વહેંચ્યાનો આનંદ’ વર્તાતો હતો.

## પી કે ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજ ખાતે ૨૧મીએ સંસ્કૃત વિષયે સેમિનાર

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત તત્ત્વાધાનમાં શ્રી પી કે ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજ ખાતે સંસ્કૃત સાહિત્ય વિષયે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની એક અખબારી યાદીમાં કૉલેજનાં આચાર્યા ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ જણાવ્યું છે કે સંસ્કૃત ભાષા તેની રોચકતા, લાઘવ અને વિષયવૈવિધ્ય માટે વિશ્વ વિખ્યાત છે. સંસ્કૃત સાહિત્યની ચૈતન્યજ્યોતિ અદ્યપર્યંત સમયની એરણ પર અચલ રહી ઝગમગતી રહી છે. સાંપ્રત યુગના માનવમાત્રને જેની યોગની આવશ્યકતા છે તેવા યોગ, આયુર્વેદ, જ્યોતિષ, વાસ્તુશાસ્ત્ર અને સંસ્કૃત સાહિત્ય થકી ઓળખ બનાવી શક્યું છે. રામાયણ, મહાભારત, ભગવદ્ગીતાના ફિલસૂફી અને સિદ્ધાંતોના શ્રવણ વિના આપણો દેશ પ્રગતિ કરી શકે ખરો ? ‘સંસ્કૃત સાહિત્ય કૃતિઓનું અન્ય સાહિત્યમાં આલેખન’ વિષયે તા. ૨૧ જાન્યુઆરીના રોજ કૉલેજ ખાતે આયોજિત આ એક દિવસીય સેમિનાર અંતર્ગત જ્યોતિષાચાર્ય, આયુર્વેદાચાર્ય અને યોગાચાર્ય પોતાનું નિદર્શન પ્રસ્તુત કરશે.

## યુવાનોના માર્ગદર્શન માટે ૧૬-૧૭ જાન્યુઆરીએ વાઈબ્રન્ટ યુથ કોન્ક્લેવ

ગાંધીનગર, તા. ૧૫

બિઝનેસ શરૂ કરવાથી માંડીને કારકિદી પસંદ કરવા સુધીની મૂંઝવણોનો યુવાનો નિષ્ણાતો પાસેથી જવાબ મેળવી શકે તે માટે ગુજરાત સરકારના સહયોગથી કર્મા ફાઉન્ડેશને ૧૬ અને ૧૭ જાન્યુઆરીના રોજ ૧૮થી ૪૦ વર્ષના યુવાનો માટે વાઈબ્રન્ટ યૂથ કોન્ક્લેવ ૨૦૧૬નું આયોજન કર્યું છે. જીએમડીસી ગ્રાઉન્ડ પર યોજાનારા આ કોન્ક્લેવમાં ભાગ લેવા માટે અમદાવાદ, સુરત, રાજકોટ, બરોડા સહિતના શહેરના વિદ્યાર્થીઓના તથા ઉદ્યોગ સાહસિક બનવા ઈચ્છતા યુવાનોના રજિસ્ટ્રેશન થયાં છે. આ કોન્ક્લેવમાં ૨૫૦૦થી વધુ યુવાનો ભાગ લે તેવી શક્યતા છે. કર્મા ફાઉન્ડેશનના સ્થાપક ચિરંજીવ પટેલે જણાવ્યું હતું કે, ૧૮થી ૪૦ વર્ષના યુવાનોને પોતાનો ડ્રીમ પ્રોજેક્ટ શરૂ કરવામાં પ્રારંભિક તબક્કે અવરોધો ન નડે અને તેમને અનુભવીઓનું માર્ગદર્શન મળી રહે તે આશયથી આ કોન્ક્લેવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કોન્ક્લેવમાં મીનાક્ષી લેખી, IIMAના વિઝિટિંગ ફેકલ્ટી સમીર શુક્લ, ફિલ્મ દિગ્દર્શક અભિષેક જૈન, ગૌરાંગ મિસ્ત્રી, રમા મુંદ્રા ઉપસ્થિત રહેવાના છે. આ કોન્ક્લેવમાં માત્ર યુવાનોની મુશ્કેલીઓ અંગે ચર્ચા જ નહિ થાય પરંતુ મુશ્કેલીઓનું સમાધાન શોધવાની દિશામાં પણ પ્રયત્નો હાથ ધરવામાં આવશે. કર્મા ફાઉન્ડેશનના સ્થાપક ટ્રસ્ટી પ્રિયાંશી પટેલે જણાવ્યું હતું કે, યુવાનોની સમસ્યાઓનો હલ શોધવા અમે ડિબેટ રૂમની ગોઠવણ કરી છે. અમે તેમની સમસ્યાઓ શોધીને તેનું સંકલન કરીશું અને તે અંગેનો ઈમ્પેક્ટ રિપોર્ટ પણ જાહેર કરીશું. આ કોન્ક્લેવથી યુવાનોને વાસ્તવિક લક્ષ્યાંકો હાંસલ કરવામાં મદદ મળે તેવી શક્યતા છે. આ ઉપરાંત રેડિયો જોકી, થિયેટર, ઈન્નોવેશન, આર્ટ તથા પેઈન્ટિંગ, ઈન્ટિરિયર ડિઝાઈન, સંગીત, ડાન્સ અને એક્ટિંગ, આંત્રપ્રોન્યોરશીપ, ડિસ્ક જોકી, મ્યુઝિક કંપોઝર, કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીની પ્રવૃત્તિ વગેરે કેટેગરીમાં એવોર્ડ

# વિદ્યાર્થી, શાળા અને વાહન વ્યવસ્થા



કૅમ્પસ
દ્વનિલ પારેખ

અમદાવાદ અને ગાંધીનગરની શાળાઓ સંદર્ભે હમણાં એક વિવાદ છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહ્યો છે. સ્કૂલ વાન અને એમાં ઢોરની જેમ ઠૂંસવામાં આવતાં બાળકોને લઈને આ વિવાદ ચાલી રહ્યો છે. સાથે-સાથે મણિનગરની એક શાળાની ઘટનાને કારણે બાળકોને જે વાહન આપવામાં આવે છે એ સંદર્ભે પણ ચર્ચા ચાલી રહી છે. સ્કૂલ વાહનમાં બાળકોને જે દયનીય હાલતમાં બેસાડવામાં આવે છે, એની સામે હાઈકૉર્ટ દ્વારા પણ લાલ આંખ કરવામાં આવી છે પણ હવે તો લાલ આંખની શરમ પણ ક્યાં કોઈને નડે છે ? ટૂંકમાં, બે મુદ્દાઓ સંદર્ભે હમણાં ચર્ચાઓ ચાલી રહી છે અને ચર્ચાઓ ચાલી રહી છે, એમાં આપણે પણ ઝંપલાવીએ.



સ્કૂલ વાનમાં કેટલી સંખ્યામાં બાળકોને બેસાડવા એ સંદર્ભે સ્પષ્ટ માર્ગદર્શિકા હોવા છતાં એનો અમલ થતો નથી એ વાત હવે સૌ જાણે છે. પહેલા કે બીજા ધોરણનાં નાજુક બાળકોને પણ ઘેંટા-બકરાંની જેમ ઠૂંસવામાં આવે છે અને કોઈ દુર્ઘટના ઘટે એની પ્રતીક્ષા કરવામાં આવે છે. વળી, એમાં વાહનચાલકનું અત્યંત બેદરકારીભર્યું ડ્રાઈવિંગ હોય છે. એને ખબર જ નથી હોતી કે કેટલાયે જીવોનો આધાર એના ડ્રાઈવિંગ પર નિર્ભર છે. એ તો બેફામ હાંક્યે રાખે છે. જાણે કશું જ ન થવાનું હોય એની એને પાકી ખાતરી હોય એમ. એ સડસડાટ જતી સ્કૂલ વાનને જોઈને આપણા હૃદયમાં ફડક પેસી જતી હોય તો અંદર બેઠેલા બાળકોની સ્થિતિની તો કલ્પના જ કરવી રહી !

આ મુદ્દે જે તે સ્કૂલ સંચાલકોએ કડક વલણ અપનાવવું જરૂરી છે. સાથે-સાથે વાલીઓએ પણ સતર્કતા વર્તવી જોઈએ કે પોતાના બાળકની સલામતી છે કે નહીં ? અનેક વખત દુર્ઘટનાઓ ઘટી હોવા છતાં સ્કૂલ સંચાલકો કે વાલીઓ આ મુદ્દે જોઈએ એવી જાગૃતિ હજી દર્શાવી શક્યા નથી. જાણે સૌ કોઈ મોટી દુર્ઘટના ઘટે એની કાગડોળે રાહ જોતા બેસી રહ્યા હોય એવું લાગે છે.

આવી જ બેદરકારી નાની ઉંમરનાં બાળકો વાહન ચલાવે એમાં જોવા મળે છે. બાળકોની તલીલ એ હોય છે કે આ પ્રકારે વાહનનો ઉપયોગ કરવાથી સમય બચે છે. પણ અગત્યનો સવાલ એ છે કે સમય બચાવવામાં જિંદગીનો ભોગ લેવાય છે એનું શું ? સમય બચે કે જિંદગી બચે બેમાંથી કયો વિકલ્પ પસંદ કરવામાં આવે ? કોઈ મૂરખને પણ આ વાતની ખબર તો પડે જ કે જિંદગી બચે તો સમયનું મહત્ત્વ છે, બાકી તો બધું જ નિરર્થક છે. અહીં વાલીઓની બેદરકારી બહુ જ જોવા મળે છે. વિદ્યાર્થી જરા માગણી કરે એમાં એની માગણીને વશ થઈને કાયદાની વિરુદ્ધ જઈને એને વાહન સોંપવામાં આવે છે. હવે, આ વિદ્યાર્થી જોશમાં ને જોશમાં જે બેફામ રીતે વાહન હાંકે છે, એ જોવા માટે કોઈ વાલી રસ્તા પર નથી આવતા ને પરિણામે અકસ્માતોની હારમાળા સર્જાતી રહે છે. શાળા સંચાલકો પણ આ બાબતે જાગૃતિ દાખવી શકે. બાળક કાયદાગીય રીતે વાહન ચલાવવા માટે સક્ષમ ન હોય ત્યારે આવું બાળક જો શાળાએ વાહન લઈને આવે તો એની સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. કેટલીક શાળાના સંચાલકોએ એવું કર્યું પણ છે. જે શાળાઓએ આ વાતને ગંભીરતાથી લીધી છે એમાં ક્યાંક વાલીઓ સંમત થયા છે તો ક્યાંક અસંમત થયા છે. હવે, આ અસંમત વાલીઓને જઈને કોણ સમજાવે કે આ તમારા બાળકની સલામતી માટે જરૂરી છે. એ તો દુર્ઘટના ઘટે પછી જ વાલીની આંખ ઉઘડતી હોય છે. પણ જ્યારે આંખ ઉઘડે છે ત્યારે ખૂબ એટલે ખૂબ મોડું થઈ ચૂક્યું હોય છે. પસ્તાવો પણ ન કરી શકાય એટલું મોડું થઈ ચૂક્યું હોય છે ને એને માટે જવાબદાર વાલી પોતે જ હોય છે. શાળા સંચાલકો અને વાલીઓ આ બાબતે એકસાથે ને એક સરખી જાગૃતિ દાખવે તો જ આ પ્રકારે શાળાએ વાહન લઈને જતા વિદ્યાર્થીઓના અકસ્માતની હારમાળા પર બ્રેક લાગી શકે એમ છે.



મૅજીક હૅટ પ્રિ સ્કૂલ, સૅક્ટર-૨૯ દ્વારા ઉત્તરાયણની ઉજવણી ઉત્સાહપૂર્ણ માહોલમાં કરવામાં આવી હતી. પ્રિ સ્કૂલના સ્ટાફ દ્વારા બાળકો સાથે પતંગ ચગાવી તેમને બોર, તલચીકી આપીને આનંદ અર્પણ કરવામાં આવ્યો હતો. ઉજવણી દરમ્યાન સમગ્ર વાતાવરણ બાળકોના કિલ્લોલથી આનંદમય બની ગયું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)